## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

આ તો મોજું તૂટ્યાનું સખી, ફીણ છે
હોડીમાં સ્હેજ સ્હેજ પાણી ભરાયાં
ને દરિયો આખો ભયભીત છે!
ઝૂકી ઝૂકીને આભ જોયા કરે કે ભૈ
કોની તે હાર, કોની જીત છે!
ખડકની સાથ રોજ માથાં પાડવા,
આ હોવાની ઘટના કરપીણ છે!

- યોગેશ જોષી

### પાથેય

- રમેશ ઠક્કર

## મોજું તૂટીને બન્યું ફીણ !

દરિયો ઓળખાય છે એની ભીનાશને લીધે અને પંકાય છે એની ખારાશને લીધે..! પોતાના પેટાળમાં અનેક મીઠીમધ નદીઓ ધરબાઈ હોવા છતાં એની ખારાશ કેમ અકબંધ હશે ? એકધારા ખારા પવનોની સતામણી છતાં એનામાં આટલી ભીનાશ કેમ હશે..? ખરેખર દરિયો એટલે જ વિસ્મય..મેરામણથી વધીને મોટું કોઈ રહસ્યનું કારણ જ ના હોઈ શકે..દરિયો તરી જવો સહેલો છે..એની સાથે સહેલગાહ કરવી એ જુદી વાત છે..જગતમાં જાતજાતના દરિયા છે પણ એની ઠાવકાઈ બધે એકસરખી હોય છે ! હોડી ને હલેસાં ફીણ અને મોજાં કવિઓ માટે હાથવગાં રૂપકો છે..મોજું તૂટેને પછી ફીણ નિકળે એ કલ્પના જ કેટલી રોચક છે ! દરિયાકાંઠે રહેનારે તો એ સ્વજન જેવો જ લાગે એ સ્વાભાવિક છે..ચોતરફ ભૂભાગ ધરાવતા પ્રદેશો માટે એ આશ્ચર્ય સમાન કોઈ ચીજ છે..પરંતુ અમને રણકાંઠાના માણસોને કોણજાણે કેમ દરિયા માટે જન્મજાત લગાવ હોય છે..! રણ એ કદાચ દરિયાનો આગલો અવતાર છે ! અમારે ત્યાં જનપદમાં એને મેરામણ કહે છે..સુરજ કદાચ પશ્ચિમમાં ઉગી શકે પણ મેરામણ માઝા ન મુકે એવું પ્રમાણપત્ર લોકસમાજ તરફથી દરિયાને મળેલું છે..દરિયાખેડૂઓ માટે એ સાહસ છે..કાંઠે વસતા લોકો માટે સહવાસ છે..એકલદોકલ કોઈ નદી માટે એ કાયમી વિશ્વાસ છે . ગુજરાતી કવિતામાં એને ઉદધિ કહે છે..સમુદ્ર પણ કહેવાય..સાગર પણ એનું જ નામ..પણ મેરામણ જેવી તળપદી મિઠાશ એમાં નથી..કવિ ’કાન્ત’નું ’સાગર અને શશી’ કાવ્ય સુખ્યાત છે. એમાં ગોપનાથના સાગરની છટાઓ ઝીલાઈ છે...ગુણવંતરાય આચાર્યની ’દરિયાલાલ’ નામની નવલકથા અદ્ભુત છે.."હાજી કાસમની વિજળી રે મધદરિયે વેરણ થઈ..’ નામે કરૂણપ્રશસ્તિ લોકમુખે ગવાય છે. માણસમાત્રને દરિયાનું ગજબ વળગણ હોય છે..પહેલાં જમીનમાર્ગથી જ જોડાયેલું જગત દરિયાઈ માર્ગો શોધાતાં એકબીજાથી જાણે આત્મીય બની ગયું...આપણને એમ છે કે મરીન વિજ્ઞાન એ પશ્ચિમની દેન છે પણ ખરેખર એવું નથી..આપણે ત્યાં વહાણવટું વટથી થતું અને ફિરંગીઓ વલંદાઓ ફ્રેંચો કે અંગ્રેજોના સાહસોમાં આપણા ટંડેલો.. માલમો કે ખારવાઓનું પણ મબલખ પ્રદાન હતું એનું આપણને ગૌરવ નથી..કેમકે એમના માટે એ સહજ હતું.. ગુજરાતને વિશાળ સમુદ્રતટ મળેલો છે..એની આગવી સંસ્કૃતિ છે.. ધ્રુવ ભટ્ટ જેવા લેખક ‘સમુદ્રાન્તિકે’ નામે નવલકથા લખે એટલું પર્યાપ્ત નથી..દરિયાઈ લેખનમાં આપણે ઘણા પાછળ છીએ..નવાલેખકો માટે એમાં ભરપુર શકયતા રહેલી છે. ભવિષ્યમાં કોઈ ગુજરાતી લેખકને દરિયાઈ નવલકથા માટે નોબલ પ્રાઈઝ મળી જાય એવો મબલખ એ વિષય છે..સુષ્ઠુષુષ્ઠુ પ્રેમાલાપ..કે પોકળ વિલાપ..કે પ્રયોગોનો મિથ્યા પ્રલાપ કરતા ગુર્જ્જુ લેખકો ચોરવાડની ગર્જના..નારગોલની નમણાશ...માંડવીની મોહકતા કે સોમનાથની સમૃધ્ધિને શબ્દોમાં આલેખતા થશે ત્યારે, કદાચ ગુજરાતી સાહિત્યમાં ‘દરિયાઈ યુગ’ની ધમાકેદાર શરૂઆત થઈ હશે..અલબત્ત દરિયાનો વ્યાપ એ કેવળ ગુજરાત જ નથી.. એ પણ ગુજરાતી લોકોની માફક સર્વવ્યાપી છે..

# અયોધ્યામાં કોમી રમખાણો ભડકાવવાનો કુત્સિત પ્રયાસ

તંત્રીસ્થાનેથી...

ઉત્તરપ્રદેશની યોગી આદિત્યનાથ સરકાર ગુંડાગીરી સામે કડક વલણ અપનાવતી રહી છે. એથી ત્યાં દાયકાઓથી જામી પડેલા ‘બાહુબલી’ મીંદડી મ્યાઉં બની ગયા છે. એમની ગેરકાયદેસર ઊભી કરાયેલી ઈમારતો પર બુલડોઝર ફરી રહ્યાં છે અને તોફાની તત્ત્વોનાં ઘર ધરાશાયી કરી એમને કદી કોઈને ન પઢાવ્યો હોય એવો બોધપાઠ આ સાધુ મુખ્યમંત્રી પઢાવી રહ્યા છે. યોગીની ધાક એની જડબેસલાક બેસી ગઈ છે કે આમ જનતા એમને ‘બુલડોઝર બાબા’ જેવા હુલામણા નામે ઓળખાવા લાગી છે. હિંદુત્વના પ્રખર પુરસ્કર્તા હોવા છતાં ખુદ હિંદુઓ દ્વારા થતી ગુંડાગીરી એ જીરવી શકતા નથી. એનું નેત્રદીપક ઉદાહરણ અયોધ્યામાં કોમી રમખાણો ફેલાવવાના દુરાશયથી ખુદ હિંદુ યુવાનોએ મુસ્લમ જેવી જાળીદાર ટોપીઓ પહેરી ધાર્મિક સ્થળો પર પવિત્ર કુરાન અને માંસના ટુકડા ફેંકવા સાથે વાંધાજનક લખાણો પ્રદર્સિત કરવાનું કાવતરું રચ્યું અને તે ગણતરીના કલાકોમાં યોગીની પોલીસે પકડી પાડ્યું તે છે. ભારતીય જનતા પાર્ટી ગુજરાત સહિત દેશભરમાં આવાં અટકચાળાં કરીને કોમી હુલ્લડો ફેલાવતી હોવાની અફવાઓ અજાણી નથી રહી. ચૂંટણી ટાણે હિંદુ મંદિરોમાં ગાયનું પૂછડું કાપીને નાખવું કે હાડકાં વિખેરી દેવા જેવાં કુકૃત્યો થતાં રહે છે પણ કયારેય એના સાચા ગુનેગાર સુધી પોલીસ પહોંચી શકતી નથી. એથી એટલી શંકા તો જરૂર જાય કે આવા કુકૃત્યો રાજકીય લાભ ખાટવા સારુ રાજકીય સંરક્ષણ હેઠળ કરાતાં રહે છે. અયોધ્યામાં થયેલ અટકચાળું સીસીટીવીમાં જાળીવાળી ટોપી પહેરીને બાઈક પર આવેલ યુવાનો દ્વારા અંજામ પામ્યું હતું. પહેલી નજરે એમ જ લાગે કે આ કૃત્ય મુસ્લિમ યુવાનોએ આચર્યું છે. પરંતુ હકીકતમાં જયારે એ પકડાયા ત્યારે હિંદુ નીકળ્યા. પદ્ધતિસરનું કાવતરું કરી ઉત્તરપ્રદેશમાં હિંદુ મુસલમાનોનાં રમખાણો ઊભાં કરવાના આશયથી રચાયેલા આ કાવતરાનું કારણ જે હોય તે; એમાં રાજકીય પાર્ટીનો દોરી સંચાર છે કે નહીં તે પણ શોધવું જ રહ્યું. અયોધ્યા જેવા પવિત્ર નગરમાં કોમી એખલાસ બગાડવાના આ પ્રયાસનું સત્ય યોગી સરકાર બહાર લાવશે તો પ્રજામાં એ વધુ શ્રદ્ધેય બની રહેશે. આખરે મુસલમાનો પણ દેશના નાગરિકો જ છે અને બંધારણે દરેક નાગરિકને સમાન અધિકારો આપેલ છે. સરકારની રચના થાય છે ત્યારે બંધારણને વફાદાર રહેવાના સોગંદ લેવડાવવામાં છે. અયોધ્યાના કાવતરા પાછળ શું ફક્ત જહાંગીરપુરીમાં થયેલી હિંસાની પ્રતિક્રિયા જ જોવી જોઈએ ? દેશમાં કોમી એખલાસ જોખમાવનારાં તત્ત્વોનો તોટો નથી અને મુસલમાનો હિંદુના સ્વાંગમાં તથા હિંદુઓ મુસલમાનના સ્વાંગમાં આવી ગુંડાગીરી આચરતા રહે છે - તે આ ઘટનાથી સાબિત થાય છે. યોગીએ કઠોર હાથે ‘ઝીરો ટોલરંસ’ નીતિ અપનાવીને ગુંડા તત્ત્વોને નાથી બતાવ્યાં છે ત્યારે એમના કર્યા કરાવ્યા પર ખુદ એમના જ શુભેચ્છક સમુદાય દ્વારા પાણી ફેરવવાનો પ્રયાસ થાય ત્યારે એમને ચેતી જવાની જરૂર છે. રાજકીય પક્ષો સંપ્રદાયો વચ્ચે વૈમનસ્ય ઊભું કરીને, ધાર્મિક સ્થાનો અપવિત્ર કરીને કે વાણી વિલાસ કરીને બે મુખ્ય કોમોને કાયમને માટે એકમેકની વિરુદ્ધ કરી દેવાના કારસા કરતા રહે છે. કમનસીબે એમાં મૌલવીઓ અને સંતો અગ્ર ભૂમિકા ભજવે છે. સુપ્રીમ કોર્ટે ઉત્તરાખંડમાં ધર્મસંસદ યોજાય ત્યારે વાંધાજનક અને ઉશ્કેરણીનજક ભાષણો ન થાય એની તાકીદ કરતાં રાજય સરકારને એ અંગે સોગંદનામું રજૂ કરવા જણાવ્યું છે. જો ધર્મ સંસદમાં ઉશ્કેરણીજનક ભાષણો થશે તો સુપ્રીમ કોર્ટ સીધા જ રાજયના મુખ્ય સચિવને સસ્પેન્ડ કરવાના હુકમો જારી કરી શકશે. અદાલતે આટલી હદો પ્રો-એક્ટિવ બનવું પડે છે તે પણ આપણી લોકશાહીની વિડંબના જ ગણાય.

# દાંતના સડા માટેની રસી : Caries Vaccine

દંત-ચિકિત્સા

ડો. બિંદી મિહીર પંડ્યા



દાંતનો સડો એ ડેન્ટલ ક્લિનિકમાં આવનાર ૧૦માંથી ૭ દર્દીની સામાન્ય સમસ્યા છે. એ દાંતનો સડો ફક્ત શરુઆતના તબક્કામાં હોઈ શકે, અથવા જો એ ઊંડો ઉતર્યો હોય તો દાંતમાં દુ:ખાવાનું કારણ પણ બની શકે. જેની સારવાર એના પ્રસાર અનુસાર એક સિમેન્ટ ભરવાથી લઈને, મૂળિયાની સારવાર અને એનાથી પણ વધુ દાંત પડાવવા જેટલી ગંભીર સારવાર પણ થઈ શકે. સડાને રોકવાના અન્ય ઉપાય જેવા કે નિયમતિ દાંતની સફાઈ અને વર્ષે એકવાર ડેન્ટિસ્ટની અનિવાર્ય મુલાકાત તો છે જ. પરંતુ સાથોસાથ બાલ્યાવસ્થાથી જ માતાપિતા ને બાળકની ખોરાકની, દાંતની સફાઈની અને દાંત અને મોઢાને લગતી અન્ય હાનિકારક બાબતોની જાણકારી અપાય છે.




પરંતુ શા માટે દાંતના સડાને તેની શરુઆત પહેલા જ રોકવો સંભવ છે ???

તો તેનો જવાબ છે દાંતના સડાની વેકસીન (Caries Vaccine). આ એક ખાસ પ્રકારની રસી છે કે જે નામ મુજબ દાંતના સડાને રોકવા માટે વપરાશમાં લઈ શકાય એ માટે પરિક્ષણ હેઠળ છે.

દાંતનો સડો થવા માટે વિભિન્ન કારણો જેમાં.... ઘણા બધા બેકટેરિયા જેમ કે સ્ટ્રેપ્ટોકોરસ, લેકટોબેસિલસ અને એક્ટિનોમાયસિસ વગેરે મુખ્ય ભૂમિકા ભજવે છે. સડા માટેની રસી એ રક્ષણાત્મક એન્ટિ બોડી અને બીજી રોગપ્રતિકારક દ્રવ્યોનું ઉત્પાદન કરવામાં મદદ કરે એછે. તે જીવિત અથવા મૃત બેટકેરિયા અથવા તેમના ટોકસોઈડ્સ અથવા તેમનાં જોડાણથી બનાવી શકાય છે.

● રોગપ્રતિકારક પ્રક્રિયા

આમાં સૌપ્રથમ રસીને શરીરમાં દાખલ કર્યાનાં ૩ થી ૧૦ દિવસમાં એન્ટિ બોડી શરીરમાં ઉદ્ભવે છે. જેને ઈમ્યુનોગ્લોબ્યુનિલસ (Ig G અને Ig N) મુખ્ય છે. જે શ્વેતકણોની રોગપ્રતિકારક શક્તિ માટે જવાબદાર છે.

● Caries Vaccine ની અસર

આ રસીનાં દાંતના સડાને રોકવા માટે લાળ મુખ્ય ભૂમિકા ભજવે છે. માનવીની લાળમાં ૧ થી ૩ જેટલા ઈમ્યુનોગ્લોબ્યુલિન્સ જોવા મળે છે. જે દાંતની સપાટી પર બેકટેરિયાનું કેન્દ્રીયકરણ થવાનું રોકે છે.

આ સિવાય તેઓ સડા માટે મુખ્ય જવાબદાર એવા ગ્લુકોઝ તથા તેના જેવા અન્ય રાસાયણિક દ્રવ્યો ને પણ દાંત પર જામતા અટકાવે છે.

આ સિવાય મનુષ્યનાં પેઢામાં પણ જીન્જાઈવલ ક્રેવીક્યુલર ફ્લુઈડ આવેલું છે.જે પણ દાંતનાં મૂળિયા તથા દાંતની અન્ય સપાટીમાં પણ રક્ષણાત્મક સપાટી ઊભી કરે છે.

રસી અલગ અલગ માર્ગ દ્વારા આપી શકાય છે જેમ કે કેપ્સ્યુલના સ્વરુપમાં, મોં દ્વારા, ઈન્ટ્રાનાસલ, સિસ્ટેમિક વગેરે અથવા ઈન્જેકશનથી પણ દાખલ કરી શકાય છે.

આ રસી અત્યારે તેના પ્રારંભિક તબક્કામાં પરિક્ષણ હેઠળ છે ; અત્યારે રસીની સંપૂર્ણ તપાસ કરી કોઈ આડઅસરો છે કે નહીં તે અંગે અભ્યાસ ચાલી રહ્યો છે. બધા પરિક્ષણો પૂર્ણ કર્યા બાદ તે પણ નજીકનાં ભવિષ્યમાં ઉપયોગમાં લેવામાં આવશે.

જેમ આપણે સૌ માટે કોરોના વેક્સિન તૈયાર થવા માટે પરિક્ષણો બાદ વપરાશમાં આવી; ઠીક તી જ રીતે દાંતના સડાની વેક્સિન પણ ટૂંક સમયમાં વપરાશમાં આવે તો તેનાથી બહુ મોટી દાંતના સડાની સમસ્યાનો અંત આવી જશે. જેનાથી દાંત સ્વાસ્થ્ય સારી રીતે લાંબા સમય સુધી જાળવી શકાશે.

# Team Shradhhadeep

### દિન મહિમા

- દાદા સાહેબ ફાળકેની જન્મજયંતિ, ભારતીય સિનેમાના પિતા.
- કુન્દનિકા કાપડિયાની પુણ્યતિથિ, ગુજરાતી વાર્તાકાર, નવલકથાકાર, નિબંધકાર

આજનું
### ઔષધ

- ધાણાજીરુનું ચૂર્ણ ખાંડ સાથે લેવાથી એસીડીટી મટે છે અને છાતીની બળતરા થતી હોય તો તે મટે છે.

### ખડખડાટ

- બાપુ છાપુ વાંચી રહ્યા હતા. સમાચાર હતા ‘વડોદરામાં ઝેરી કમળાએ ૧૮ જણનો ભોગ લીધો.’ બાપુ પડ્યા : બહુ ડેન્જર બેંરુ કહેવાય.

આજનો
### વોટ્સએપ

- માણસે માણસે વ્યક્તિનું વ્યક્તિત્વ જુદું હોય છે. એક જ માણસ કોઈ માટે રામ તો કોઈ માટે રાવણ હોય છે.

# ભુપેન્દ્ર દવે લિખિત ઝાલાવાડની વણકથી વાતુંનો રસથાળ

ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી



‘ઝાલાવાડની વણકથી વાતો’નું પુસ્તક ભુપેન્દ્રભાઈ દવે(સુરેન્દ્રનગર) તરફથી મળ્યું. આમ તો ભાઈ ભુપેન્દ્ર દવે અમારા સહયોગી રહયા. લાંબો સમય સુધી તેઓએ થોડા પડકારરૂપ ગણાય તેવા માહિતી ખાતામાં કામ કર્યું. કેટલાક લોકો સરકારી સેવામાં પણ સક્રિયતા દાખવીને બે ડગલા વધારે ભરવાના પ્રયાસો કરતા હોય છે. આવા "સરકારી છતાં અસરકારી" અધિકારીઓ સરકારના વિભાગની કામગીરી પર પોતાની એક છાપ મૂકીને જાય છે. ભુપેન્દ્ર દવે આવા અધિકારીઓ પૈકીના એક હતા. માહિતી વિભાગમાં મારી નિમણુંક થઈ તે પહેલા જોકે તેઓ નિવૃત થઈ ગયા હતા. તેમના લઘુબંધુ જ્યોતીન્દ્ર દવે મારી સાથે ખંતપૂર્વક કામ કરતા હતા. ભુપેન્દ્રભાઈ તે સમયે નિવૃત થયા હોવા છતાં મને એક વાક્ય જુદા જુદા સહકર્મીઓ તરફથી વારંવાર સાંભળવા મળતું હતું. તેઓ કહેતાઃ

‘દવે સાહેબ હતા ત્યારે તેઓ ઘણાં વિશિષ્ટ કહેવાય તેવા કાર્યક્રમો કરતા હતા. અમને બધાને તેમનામાંથી પ્રેરણા મળતી હતી.’ ભુપેન્દ્રભાઈની નિષ્ઠાની આ કમાણી હતી. માણસના ગયા પછી પણ તેની સ્મૃતિ થયા કરે ત્યારે લાગે છે કે તેમણે જીવનના વર્ષો વહાવ્યા નથી પરંતુ વર્ષોમાં જીવન ભર્યું છે. શાયર ગની દહીવાલાનો વિખ્યાત શેર આ વાતના સંદર્ભમાં યાદ આવે છે :

જિંદગીનો એ જ સાચેસાચ
પડઘો છે ગની,
કે હોય ના વ્યક્તિ ને
તેનું નામ બોલાયા કરે.

આથી ભુપેન્દ્રભાઈએ એક સંશોધકને છાજે તેવી ચીવટથી ઝાલાવાડની વણકથી વાતો પુસ્તક સ્વરૂપે પ્રસિદ્ધ કરી છે. (વિશ્વગાથા પ્રકાશન, સુરેન્દ્રનગર. જાન્યુઆરી-૨૦૨૨). પુસ્તક જોઈને આનંદ થયો. તબિયત થોડી નરમગરમ રહેતી હોવા છતાં આવો પ્રશંસાને પાત્ર સાર્થક પ્રયાસ ભુપેન્દ્રભાઈએ કર્યો તેથી તેમના પ્રત્યેના આદરમાં વધારો થયો. આ રીતે પહેલ કરીને કામ કરવાની મોકળાશ સરકારમાં નથી હોતી તેવી માન્યતા સાવ સાચી નથી. ઘણાં સરકારી કર્મયોગીઓએ પોતાના કામમાં કંઈક નવું કે અલગ કરીને પોતાના કામને દીપાવ્યું છે. સરકારીની સુદીર્ઘ સેવાકાળમાં મારા ધ્યાનમાં આવા અનેક કિસ્સા આવેલા છે. ઉદાહરણ તરીકે ઘાયલ સાહેબ એક સરકારી કર્મચારી હોવા છતાં સમર્થ સર્જક તરીકે આપણી ભાષાને શણગારી ગયા છે. બીજા પણ આવા અનેક કિસ્સાઓ છે. અંતે તો આ બધી બાબતોનો આધાર વ્યક્તિગત પ્રકૃતિ તથા સૂઝ પર નિર્ભર હોય છે. ઝાલાવાડ પરનું પુસ્તક જોતાં જ ભુપેન્દ્રભાઈના સહયોગી એવા અનેરા માનવી તથા મર્મજ્ઞ અરવિંદભાઈ આચાર્યની સ્મૃતિ પણ થઈ. જવલ્લે જ જોવા મળે તેવું વ્યક્તિત્વ અરવિંદભાઈનું હતુ તે આપણામાંથી ઘણાંને યાદ હશે. અરવિંદભાઈ તથા ભુપેન્દ્રભાઈએ સાથે પણ અનેક માણવી ગમે તેવી વાતો તથા સુંદર ચરિત્રો લખ્યા છે. ઝાલાવાડની ધરતીને નમન કરવાનું મન થાય તેવા ઉજળા આ ચરિત્રો છે. ઝાલાવાડને બિરદાવવા માટે કવિ મીન પિયાસીના અમૂલ્ય શબ્દો યાદ આવે છેઃ

ઝુલ ઝાલાવાડ ઝુલ !
વૈશાખમાં છો વરવો તો યે
અષાઢમાં અણમૂલ.
રંગ રે વતન રતન મારાં
વ્હાલ તારાં વણમૂલ...ઝુલ...

આપણાં દેશના દરેક પ્રદેશનો એક આગવો ઈતિહાસ હોય છે. ભૂતકાળના લોકજીવન સાથે વણાયેલી કથાઓ તથા ચિરંજીવી પાત્રો હોય છે. વિશ્વના ભિન્ન ભિન્ન પ્રદેશોને પણ આ વાત સરખી જ લાગુ પડે છે. પ્રદેશ તો બરાબર પરંતુ દરેક ગામને પણ પોતાનો એક ઈતિહાસ હોય છે. ઝવેરચંદ મેઘાણી-દુલેરાય કારાણી-ગોકુલદાસ રાયચુરા કે જયમલભાઈ પરમાર જેવા અનેક લોકોએ પુરી નિષ્ઠા અને અથાક મહેનતથી આવી વાતો એકઠી કરી છે. અનેક પુસ્તકો રૂપી રસથળોમાં આ વાતો પીરસાઈ છે. વાતોના મર્મી કાનજી બારોટ કે વાત માંડીને સમયને બાંધી લે તેવા વાર્તાકાર બચુભાઈ ગઢવીએ આવી અનેક વાતો લોકો સુધી વાર્તાકથન સ્વરૂપે સફળતાથી પહોંચાડી છે. આ વાતોમાં સત્વ હશે જ નહીંતર આ બધી કથાઓ ક્યારનીયે મહાકાળના ગર્ભમાં લુપ્ત થઈ જવા પામી હોત. આવી જ થોડી વિશેષ કથાઓ ભુપેન્દ્રભાઈએ સૂઝપૂર્વક તથા ચોકસાઈથી આ પુસ્તકમાં સમાવી છે. બર્ગર તથા પિઝાના કાળમાં લાપસી પીરસવાના આ પ્રયાસનું સ્વાગત છે. જયમલ પરમારે લખ્યું છે તે સુયોગ્ય છે. તેઓ કહે છે:

‘.....પ્રજાજીવનમાં જયારે સંસ્કાર-શૂન્યતા વ્યાપે ત્યારે તે અતીતને ઢંઢોળે છે. તેમાંથી ખોવાયેલા જીવનતત્વની ભાળ મેળવે છે.’ અતીતને ઢંઢોળવાનું આ પુણ્યકાર્ય દવે સાહેબે કર્યું છે. પુસ્તકનું અર્પણ રામકુભાઈ ખાચર તેમજ ભવાનીસિંહ મોરીને કર્યું છે. આ સુયોગ્ય વ્યક્તિઓને આ પુસ્તક અર્પણ કર્યાથી ભક્તકવિ ઈસરદાસજી કહે છે તેમ ‘સોના ઔર સુગંધ’ જેવો ઘાટ થયો છે.

વિશાળ લોક સમુદાયને શાંતિ તથા સુવિધા આપવા જાતનું પણ બલિદાન આપવાના પ્રસંગો ઈતિહાસમાં અનેક જગ્યાએ જોવા મળે છે. આપણાં સૌરાષ્ટ્ર-કચ્છના ઈતિહાસમાં પણ સ્વાપર્ણના આવા અનેક પ્રસંગો નોંધાયેલા છે. આ પુસ્તકમાં પણ આવી એક સુવિખ્યાત કથાનું સુંદર બયાન છે. અનેક ઉજળી કથાઓ પૈકીની આ એક કથા છે. બારમા સૌકામાં રાજ્યના કુંવર તથા તેમના અર્ધાંગનાએ સ્વઈચ્છાએ પાણી માટે પોતાની જાતનું બલિદાન કર્યું. માધાવાવની આ કથાનું ગીત હેમુ ગઢવીના કંઠે ગવાઈને અમર થયું છે. બલિદાનની એક પરાકાષ્ઠારૂપ આ પ્રસંગ છે. ‘બાર બાર વરસે નવાણ ગળાવ્યાં’ની આ વાત લોકહૈયે કોતરાઈને પડી છે. પૂર્વ ભારતમાંથી વિહાર કરીને ઝાલાવાડમાં આવેલ યુગપુરુષ સમાન સન્યાસી સ્વામી વિવેકાનંદ સાથેના ઝાલાવાડ(લીંબડી)ના પ્રસંગો વાંચતા એક જુદા જ ગૌરવનો ભાવ થાય છે. ’આવળ-બાવળ-કેર-બોરડી’ના આ ઐતિહાસિક પ્રદેશની વાતો વાંચતા મનમાં ઊંડી પ્રસન્નતા તથા ગૌરવનો ભાવ થાય છે. ઝાલાવાડની ધરતીની અનેક પાણીદાર વાતો જે આ પુસ્તકમાં જોવા મળે છે તે ગૌરવનો ભાવ મનમાં ઉભો કરે તેવી સત્વશીલ છે. આ બધું લખાય અને સંગ્રહિત ન થાય તો ક્રમશઃ વિસ્મૃત થવાની પુરી સંભાવના છે. વણકથી વાતુંના રસથાળનું સ્વાગત છે. ભુપેન્દ્રભાઈ આપણાં અભિનંદનના અધિકારી છે.

# ‘ગુર્જર વાણી, ગુર્જર લ્હાણી, ગુર્જર શાણી રીત, જંગલમાં પણ મંગલ કરતી ગુર્જર ઉદ્યમ પ્રીત!’

સંવેદનનું સ્ટેટસ

રમેશ ઠક્કર



પહેલી મે ૧૯૬૦ના રોજ ગુજરાત અલગ રાજ્ય બન્યું..પૂજ્ય રવિશંકર મહારાજ જેવા પવિત્ર સેવકના હાથે એની પ્રથમ ઈટ મુકાઈ હતી...૧૮ ઓગસ્ટ ૧૯૬૦ના રોજ પ્રથમ વિધાનસભાની બેઠક સિવિલ હોસ્પિટલ અમદાવાદ પરિસરમાં યોજાયેલી.જેના કાર્યકારી અધ્યક્ષ હતા મનુભાઈ પાલખીવાળા..કુલ ધારાસભ્યો ૧૩૨ હતા..શરૂઆતમાં અમદાવાદ એનું પાટનગર બન્યું..પ્રથમ મુખ્યમંત્રી તરીકે ડૉ જીવરાજ મહેતાની પસંદગી થયેલી..એમના પ્રધાનમંડળમાં ૧૩ કેબિનેટ અને ૮ નાયબ મંત્રીશ્રીઓ હતા..ઈ.સ.૧૯૭૧માં હિતેન્દ્ર દેસાઈના સમયમાં ગાંધીનગરને પાટનગરનો દરજ્જો મળ્યો.એ સાથે જ આધુનિક ગુજરાતની ગૌરવગાથાએ વેગ પકડયો..શરૂઆતમાં ૧૭ જિલ્લા અને ૧૮૫ તાલુકાઓ હતા..આજે ૬૨મા જન્મદિવસે ગુજરાત સમગ્ર દેશમાં તમામ ક્ષેત્રમાં મોખરે છે. બૃહદ મુંબઈ રાજ્યમાંથી અલગ થતાં ૫ જેટલા ICS અધિકારીઓ આપણા હિસ્સામાં આવેલા..એ પૈકીના વી.ઈશ્વરન આપણા પ્રથમ મુખ્ય સચિવ બન્યા હતા..ગુજરાતનું વહીવટી માળખું એમ.જી.પિમ્પુટકર નામના કાર્યદક્ષ અધિકારીને સોપવામાં આવ્યું હતું...ગુજરાતની ભવ્ય વહીવટી પરંપરામાં આ બંને અધિકારીઓનું પ્રદાન ઐતિહાસિક છે..આપત્તિ હોય કે કોઈપણ આફત ગુજરાતનું વહીવટીતંત્ર હંમેશાં અસરકારક રીતે એની સામે અડીખમ બનીને ઉભું રહે છે..એ આવા નિષ્ઠાવાન જાહેરસેવકોના કારણે છે.

આખરે શું એવું અલગ છે આ ભૂમિમાં ? શું છે એની ઓળખ ? સેવા,સખાવત અને સંવેદના એ એનો પરિચય છે..અનેક સર્જકો એ વાત ઉપર ઓળઘોળ છે..ઉંચી તુજ સુંદર જાત..જય જય ગરવી ગુજરાત’ ગુર્જર પ્રજા માટે નર્મદનું આ પ્રમાણપત્ર છે. કવિ ’ખબરદાર’તો વળી ભાવોદ્રેક બની ને કહે છે... ‘અર્પી દઉં સો જન્મ એવડું મા તુજ લ્હેણું...’

‘ગુજરાતની અસ્મિતા ’શબ્દ આપ્યો રણજિતરામ વાવાભાઈ મહેતાએ પણ એને ગૌરવાન્વિત કર્યો ક.મા.મુનશીની લેખીનીએ.શું છે ગુજરાતની અસ્મિતા? સિધ્ધરાજ જયસિંહનો સુવર્ણકાળ? હેમચંદ્રાચાર્યનો કાવ્યકલાપ? નરસિંહની વૈષ્ણવજનની વિભાવના ? મીરાંની ભકિત? કે ગાંધીની સાદગી...? કે સરદાર પટેલનું પોલાદીપણું ?.અનેક આયામ છે એના.

ગુજરાતની અસ્મિતા વ્યકત થઈ છે પ્રેમાનંદના આખ્યાનોમાં...દયારામની ગરબીમાં..’સરસ્વતીચંદ્ર’ની શાલીનતામાં. પન્નાલાલના વાર્તાવૈભવમાં..નાનજી કાલીદાસ મહેતા કે ધીરૂભાઈના વન્ડરફૂલ વાણિજયમાં..રવિશંકર મહારાજ કે જલારામ બાપાની સેવા સુવાસમાં. ઉમાશંકર કહે છે એમ ’મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત. .ગુજરાત મોરી મોરી રે..’ ગુજરાત એટલે ગરિમા.ગરબો...ઉદારતા..સખાવત. સહિષ્ણુતા.. અનુકંપા..ઉચ્ચ સંસ્કારિતા..ખરેખર અનોખી છે આપણી અસ્મિતા..! આપણે ગુજરાત વિશે કેટલું ઓછું જાણીએ છીએ..? આપણી ભાષા, આપણી પરંપરા કે, આપણા મહાપુરુષો અંગે આપણી પાસે કોઈ જાણકારી છે ? ઈ.સ.૬૪૦ માં ચીની યાત્રી હયુ એન સંગ જે પ્રદેશમાં આવ્યો હતો...એ નગર રૂપનગર એટલે કે વડનગર.. એ જમાનામાં એ વિસ્તાર આનર્ત પ્રદેશ તરીકે સુખ્યાત હતો..પ્રસિધ્ધ યાત્રી ટોલેમીએ એના યાત્રાવર્ણનમાં મહીસાગર નદીનું Mophis નામથી મહિમાગાન કરેલું છે..પાટણના કવિ ‘ભાલણ’ જેમનું મુળ નામ પુરૂષોત્તમ ત્રિવેદી હતું..એ મધ્યકાળના મોટા કવિ છે.એમણે સૌપ્રથમ ‘ગૂર્જર ભાષા’ એવો શબ્દપ્રયોગ કર્યો હતો...પછી થયું ગૂર્જરાત... ક્રમશ : ૧૪મી સદીથી ’ગુજરાત’ નામ ચલણી બન્યું..

આપણી ભાષા સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ-જૂની ગુજરાતી-પશ્ચિમી રાજસ્થાની અને ગુજરાતી એમ ક્રમિક અવતરી છે. એનો ઉદભવ રોમાંચક અને ગૌરવશાળી છે.. ઈ.સ.૧૧૦૦ થી ઈ.સ.૧૪૦૦ એ જૂની ગુજરાતીનો યુગ ગણાય છે..નરસિંહ મહેતા એ ગુજરાતી ભાષાને ઠરીઠામ કરી..આપણે એમને માત્ર ભકત તરીકે જ જાણીએ છીએ. પણ એમણે પ્રાકૃત અને વ્રજભાષાનો ગહન અભ્યાસ કર્યો હતો..ઈ.સ.૧૪૦૦ થી ઈ સ ૧૮૦૦ એ મધ્યકાલીન ગુજરાતી જેના છેલ્લા કવિ દયારામ હતા...જે ૧૨ જેટલી ભાષાઓ જાણતા હતા..એમણે ગરબી નામે પદ રચનાઓ આપી..એ પછી ભાષા માટે મરી ફીટનાર કવિ એટલે પ્રેમાનંદ. જેણે આખ્યાનો થકી ગુજરાતીને ઘાટ આપ્યો. નર્મદ એ આધુનિક ગુજરાતી ભાષાનો ઘડવૈયો છે..જેણે ગુજરાતી ભાષાનો સૌ પ્રથમ કોશ આપ્યો..પ્રથમ આત્મકથા આપી..જેનું નામ ‘મારી હકીકત’ નર્મદ વિશ્વ સાહિત્યનો ગજબ જાણકાર હતો.એ પ્રથમ નિબંધકાર પણ છે. ગુજરાતી ભાષાની પ્રથમ વાર્તા ‘ગોવાલણી’ જેના લેખક ’મલયાનિલ’. પ્રથમ નવલકથા નંદશંકર તુળજાશંકર મહેતાની ‘કરણઘેલો’ પરંતુ પ્રથમ કાવ્યસંગ્રહ આપ્યો કવિ દલપતરામે જેનું નામ છે ‘કાવ્યદોહન’. ગુજરાતમાં જન્મેલા ગણિતજ્ઞ બ્રહમગુપ્ત એ શૂન્યના શોધક છે એ ઘણા ઓછાને ખબર હશે..ગુજરાતના પ્રથમ ઈતિહાસકાર મગનલાલ વખતચંદ શેઠ છે.. ફોર્બ્સ દ્વારા સ્થપાયેલી ‘,ગુજરાત વિધ્યાસભા’ ના પ્રથમ ૧૯ સભ્યો પૈકીનાં એ એકમાત્ર ગુજરાતી હતા... સાહસ એ ગુજરાતીઓ માટે સહજ છે. ઈ.સ.૭૫માં ગુજરાતી લોકો વેપારવણજ માટે જાવા ઉપર પહોંચ્યા હતા. સૌરાષ્ટ્રમાંથી ચારસો પાંચસો વરસ પહેલાં દરિયાઈ માર્ગે આફ્રિકા ખંડમાં જનારા ગુજરાતી પરિવારોની સાહસકથાઓ રોમાંચક છે. વાસ્કો ડી ગામાને પોર્ટુગલથી હિન્દ સુધીનો જળમાર્ગ બતાવનાર કાનજી માલમ કચ્છી દરિયાખેડૂ હતો...નાનજી કાલિદાસ મહેતા જેવા સાહસિકો દંતકથાથી કમ નથી. સ્વામી વિવેકાનંદના માર્ગદર્શક વીરચંદ રાઘવજી ગાંધી એ મહુવાના જૈન હતા..નડિયાદના સાક્ષર મણિલાલ નભુભાઈ દ્વિવેદી હિન્દુ ફિલોસોફીના માસ્ટર હતા જેમને મળવા માટે સ્વામી વિવેકાનંદ નડિયાદ આવેલા..સૌ પ્રથમ ગઝલ લખનાર મણિલાલ ઉપરાંત બાલાશંકર કંથારીયા હતા. ‘ગુજારે જે શીરે તારે જગતનો નાથ તે સહેજે..ગણ્યું જે પ્યારૂં પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે...’ ગુજરાતી એક ભવ્ય જાતી છે..ચંદ્રકાંત બક્ષીએ ‘મહાજાતી ગુજરાતી’માં એના વિશે અદ્ભુત લખ્યું છે. ઈ.સ.૧૯૩૭માં કરાંચી ખાતે મળેલા સાહિત્ય પરિષદના અધિવેશનમાં ક.મા.મુનશીએ સૌ પ્રથમ ‘મહાગુજરાત ’ શબ્દ પ્રયોજયો હતો..જે પછી ‘મહાગુજરાત ’ આંદોલન થકી ગુંજતો થયો હતો..સરદાર પટેલ ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન હતા.મોરારજી દેસાઈ પ્રથમ ગુજરાતી વડાપ્રધાન હતા..એમની સમાધી ‘અભયઘાટ’ આશ્રમરોડ ઉપર છે..ગાંધીજીની સમાધિ રાજઘાટ દિલ્હીમાં છે એ જાણીતું છે.પણ એમના અંતેવાસી ડાયરીલેખક મહાદેવ દેસાઈની સમાધિ ‘ઓમ સમાધિ’ નામે પૂના ખાતે આવેલી છે એ રસપ્રદ છે..

હાલનું ગુજરાત ૧૯૬૦માં અસ્તિત્વમાં આવ્યું..પૂજય રવિશંકર મહારાજે એની પ્રથમ ઈંટ મુકી હતી..એ પહેલાં એ મુંબઈ સ્ટેટનો હિસ્સો હતું..એક સમયે માઉન્ટ આબુ બનાસકાંઠા જિલ્લામાં હતું..ભાવનગર એ ગોહિલવાડ હતું તો જામનગર હાલાર તરીકે ઓળખાતું..સુરેન્દ્રનગર એ ઝાલાવાડ કહેવાતું...સમયાંતરે એના ૧૯ જિલ્લા થયા..પછી ૨૫ અને હાલમાં ૩૩ જિલ્લાઓ અને ૨૪૯ તાલુકાઓ અને ૧૮૨૨૫ ગામો સાથે એક ગૌરવશાળી ગુજરાત ધબકી રહયું છે...ગુજરાતી ઉદારદિલ હોય છે..ઉમાશંકર કહે છે એમ ‘હું ગૂર્જર ભારતવાસી..’ ફેલાઈ જવું એ એના સ્વભાવમાં છે. સત્તરમી અઢારમી સદીના ગુજરાતીભાટિયા ,લોહાણા,કપોળ,જૈનો,વ્હોરાઓ, કે ભાનુશાળી સાહસિકોની વેપારવણજ સાહસકથાઓ ઉપર નવલકથાઓ લખી શકાય..આજેપણ વેપાર હોય કે મોટા ઉદ્યોગો... ગુજરાતની એ પણ આગવી ઓળખ છે.સેવા સદાચાર અને સાહસ એના લોહીમાં છે. ગુજરાતી માટે કહેવાયું છે કે ‘જયાં જયાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત.’